Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

Employment Notice No.GAD/NT/GIA/EmpNotice/22860/2026, Date: 08-10-2026

જૂનિયર ક્લાર્ક/ટાઈપિસ્ટની જગ્યા માટેની પરીક્ષા પધ્ધતિ અને પસંદગીના ધારા-ધોરણ નીચે મુજબ રહેશે.

A. પરીક્ષા પદ્ધતિ:-

રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૦૧-૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક GS/2026/01/0125/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

1.1. તબક્કો - ૧ : પ્રાથમિક પરીક્ષા

ક્રમ	**Subject (વિષય)**	ગુણ
૧	English (અંગ્રેજી)	૧૫ ગુણ
૨	Gujarati (ગુજરાતી)	૧૫ ગુણ
૩	General Awareness and Current Affairs (સામાન્ય જ્ઞાન અને વર્તમાન પ્રવાહો)	૩૦ ગુણ
૪	Quantitative Aptitude	૩૦ ગુણ
૫	Reasoning (તાર્કિક કસોટી)	૬૦ ગુણ
કુલ		**૧૫૦ ગુણ**

i. મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોને પસંદ કરવા પ્રાથમિક પરીક્ષા M.C.Q પદ્ધતિથી લેવામાં આવશે

ii. પ્રાથમિક પરીક્ષા ૧૫૦ પ્રશ્નોના પ્રશ્નદીઠ ૧ ગુણ લેખે કુલ ૧૫૦ ગુણની રહેશે. પરીક્ષાનો સમય ૧૨૦ મિનિટનો રહેશે.

iii. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય, તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

iv. દરેક પ્રશ્નમાં પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ) નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. આ ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

v. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં પ્રત્યેક કલાક દીઠ વધારાની ૨૦ મિનિટ લેખે વધારાનો સમય ફાળવવામાં આવશે.

vi. પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.

vii. અરજી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય કામચલાઉ ધોરણે પ્રાથમિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

viii. પ્રાથમિક પરીક્ષાને અંતે મેરીટસના આધારે ભરવાની થતી કેટેગરીવાઇઝ જગ્યાના સાત ગણા ઉમેદવારોને બીજા તબક્કાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

ix. મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

1.2. તબક્કો – ૨ : મુખ્ય પરીક્ષા

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૦૧-૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક: GS/2026/01/0125/K થી નિયત કરવામાં આવેલ નિયમો મુજબ M.C.Q. પ્રકારના પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી લેવામાં આવશે. મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબનો રહેશે.

Total Marks: 200 Marks Time: 2 Hours

ક્રમ	વિષય	ગુણ
1	Indian State System and Constitution	20
2	Indian Economy, State Economy, NITI Aayog	20
3	Public Administration and Governance	20
4	Discipline and Ethics in Public Service	10
5	Information on various government Schemes	30
6	Regional, National and International Important Events including Current Affairs	30
7	History and Geography of Gujarat	20
8	Cultural Heritage of Gujarat (Art and Literature)	10
9	Gujarati and English	20
10	Science, Environment and Information Technology	20
Total		**200**

i. હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે.

ii. દરેક પ્રશ્ન ૧ ગુણની રહેશે. ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

iii. ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

iv. દરેક પ્રશ્નમાં પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ) નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. આ ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

v. ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

vi. અશકત વ્યક્તિની કેટેગરીમાં આવતા ઉમેદવારોને, લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રનાં દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.

B. સદર જગ્યા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાનાં પ્રશ્નો ગુજરાતી ભાષામાં રહેશે તથા ફક્ત English ના પ્રશ્નો અંગ્રેજી ભાષામાં રહેશે.

C. લઘુત્તમ લાયકી ધોરણઃ-

પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબક્કાની પરીક્ષામાં તથા તે તબક્કાના તમામ પેપરમાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યૂનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

D. જૂનિયર ક્લાર્ક/ટાઈપીસ્ટની જગ્યા માટેની પરીક્ષામાં સમાન મેરીટના કિસ્સામાં ટાઇબ્રેકર ગણવા સંદર્ભે નીચે મુજબનો નિયમ ધ્યાને લેવામાં આવશે.

i. સૌથી ઓછા ખોટા ઉત્તર આપનાર ઉમેદવાર

ii. સ્નાતક પરીક્ષામાં સૌથી વધુ Percentage મેળવનાર ઉમેદવાર

iii. ઉમેદવારની જન્મ તારીખને ધ્યાને લઈ વધુ ઉંમર ધરાવતા ઉમેદવાર